**<u>ફો. રેલ્વે. એન.સી. નં.          /૨૦૨૬.</u>**

**<u>::વાપીના એડી.જ્યુડી.મેજી.ફ.ક., તા.વાપી, જી.વલસાડ નાઓના ન્યાયાલયમાં::</u>**

**<u>::હુકમ::</u>**

**૦૧.** હાલના કામે આરોપી સામે ફરિયાદપક્ષે ઉપરોક્ત જણાવ્યા મુજબના તહોમત સંબંધે ફરિયાદ રજુ કરેલ છે.

**૦૨.** ત્યારબાદ, આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર થઈ, પોલીસ ફરિયાદના કાગળોની મળયાની ખાતરી કરી, હાલની પુરસીસ રજુ કરી આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલી છે. તેમજ આરોપીએ હાલની ગુના કબુલાતની પુરસીસ રજુ કરીને, ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતા પણ આરોપી સ્વેચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાતની પુરસીસ દાખલ કરવામાં આવી છે.

**૦૩.** આરોપી સામે સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની સબબ કબુલાતની પુરસીસ વંચાણે લેતા તેમાં જણાવેલ કારણોને ધ્યાને લેતા આરોપી ગરીબ વર્ગના માણસ હોવાનું જણાય છે. તેમજ તેમના કુટુંબ પરિવારના ભરણપોષણની જવાબદારી પણ તેમણા શીરે છે. તેમણા જણાવવ્યા પ્રમાણે તેઓ ખુબ જ ગરીબ પરીસ્થિતી ધરાવતા ઈસમ છે અને ભારી દંડની રકમ ભરવા તેઓ સક્ષમ નથી. તેમજ આરોપીએ ગુનો કર્યાનો પણ અફસોસ વ્યક્ત કરે છે, અને ભવિષ્યમાં આવો બીજો ગુનો નહી કરે તે અંગેની ખાત્રી આપે છે.

**૦૪.** ઉપરોક્ત તમામ હકિકતો ધ્યાને લેતા અને ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે **૨૦૦૫(૫) જી. એલ. આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર,** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હિક્કતો ધ્યાનમા લઈને, નીચેની અદાલતમાં કાયદામાં કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદર ચુકાદાના પેજ નં. ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો બતાવેલા છે તેને ધ્યાને લેતા, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને, લાગું તથા મદદરૂપ થતા હોય તેમ અત્રેની અદાલતનું માનવું છે. તેમજ રજુ થયેલ દસ્તાવેજો જોતા સબબ કામના આરોપી સામે અગાઉ કોઈ આ મુજબનો ગુનો દાખલ થતા તેઓને દોષિત ઠરાવવામાં આવેલ હોય, તેમ માલુમ પડતુ નથી. જેથી, સબબ કામે સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. આરોપીને બી.એન.એસ.એસની કલમ ૨૭૫ અન્વયે, રેલવે અધિનિયમની કલમ ૧૪૭ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ કુલ્લે **<u>રૂ. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા)</u>** દંડ ભરવો, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.

૩. વધુમા, આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તો મુદ્દામાલ નિકાલ કરવા માટે નિયમો અનુસાર આગળની ન્યાયીક કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઠરાવ આજરોજ સને ૨૦૨૬ ની જુલાઈ માસની ૧૧ મી તારીખે નેશનલ લોક અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ – ૧૧/૦૭/૨૦૨૬.
વાપી.

(કીર્તિ એસ. સોની)
એડી. જ્યુડી. મેજી. ફ.ક.,
વાપી.